# પંખીઓની ધુળેટી

– હેમંત કારિયા

પીપળાનું એક ઝાડ હતું. એ ઝાડ પર કાગડો, ચકલી, કબૂતર, કોયલ, કાબર, પોપટ અને એમનાં જેવાં બીજાં ઘણાં પંખીઓ આવીને બેસતાં. જે શેરીમાં એ ઝાડ હતું એ શેરીનાં છોકરા, છોકરીઓ પીપળાના એ ઝાડ નીચે ધૂળેટી રમતાં હતાં ને એકબીજાને રંગતાં હતાં. ત્યારે પીપળાના એ ઝાડ પર ત્રણ–ચાર ચકલીઓ બેઠી બેઠી એ જોતી હતી. અચાનક એમાંની એક ચકલીને વિચાર આવ્યો કે આપણે પણ ધૂળેટી રમીએ તો ? કેવી મજા આવે ! બધાએ ભેગા મળેને એકબીજાને રંગવાના. આવા વિચારથી એ તો ખૂબ ખુશ ખુશ થઈ ગઈ. એટલે એ ચકલીઓએ તો ચીંચીં...ચીંચીં કરીને બધાં પંખીઓને બોલાવી લીધાં. થોડીવારમાં તો ઝાડ પર જેટલાં પાન હતાં એનાથી પણ વધારે પંખીઓ થઈ ગયાં. એ પીપળાનું ઝાડ હતું કે પંખીઓનું એ જ નક્કી કરવું મુશ્કેલ થઈ જાય. ઝાડ પર આટલાં બધાં પંખીઓ જોઈને એક પતંગિયું વિચારમાં પડી ગયું કે આજે આ ઝાડ પર શું છે કે આટલાં બધાં પંખીઓ જમા થઈ ગયાં ! ધૂળેટીની એને પણ જાણ થઈ. એટલે એ પણ બીજાં પતંગિયાં સાથે હોળી રમવા તૈયાર થઈ ગયું. ધૂળેટી રમવાના વિચારથી બધાં જ પંખીઓ ખુશખુશાલ હતાં પણ પેલા ચતુર કાગડાએ અચાનક પ્રશ્ન કર્યો : ‘‘ આપણે રંગથી રમીએ પણ રંગ લાવશું ક્યાંથી ?’’ બધાં સાંભળીને ચૂપ થઈ ગયાં. હવા ભરેલા ફુગ્ગામાં સોય ભરાવે અને એ કેવો ફટાક લઈ ફૂટી જાય એમ એમનો હર્ષનો ફુગ્ગો ફૂટી ગયો. બધાં એકબીજાની સામે જોવા લાગ્યાં. ‘હવે ?’ ત્યાં કોયલબહેન બોલ્યાં: ‘‘અરે ! આપણે



બીજેથી રંગ લાવવાની જરૂર જ શું છે, આપણાં તો શરીર જ રંગીન છે. આપણે એકબીજાને રંગ આપી દઈશું.''

''પણ કોયલબહેન'' કબૂતર ઠાવકું મોઢું કરીને બોલ્યુંઃ ''આપણે રંગો  એકબીજાને આપીશું કેવી રીતે?'' ત્યાં પોપટલાલ બોલ્યાઃ ''એમાં શું થયું ! ભગવાન તો કંઈ પણ કરી શકે. આપણે ભગવાનને કહીશું કે અમને એક દિવસ માટે અમારો રંગ એકબીજાને આપી શકીએ એવી ગોઠવણ કરી આપો.'' પણ કબૂતરે પાછો પ્રશ્ન કર્યો : ''આપણે ભગવાન પાસે વાત પહોંચાડશું કેવી રીતે ?'' ''એ તમે મારા પર છોડી દો.'' ચકલીબહેન તો હરખપદુડાં થઈને બોલ્યાંઃ ''રાતરાણી અને સૂરજમુખીને જ્યારે એમની વાત ભગવાન સુધી પહોંચાડવી'તી તો અમે જ તો પહોંચાડી હતી વળી.'' પછી કાગડા સામે જોઈને બોલ્યાં : 'હેં કેં નહીં કાગડાભાઈ ?'' એટલે કાગડો કહે : ''હાસ્તો વળી!'' કાગડો તો તરત જેટલું ઉપર ઊડી શકાય એટલું ઊડયો ને સમડીને વાત કરી. સમડીએ ગીધને વાત કરી અને ગીધે ગરુડને કહ્યું. ગરુડે ભગવાનને કહ્યું. ભગવાને કહ્યુંઃ ''સારું એમ જ થશે. આજથી બરાબર સાતમે દિવસે જે પંખી પોતાની પાંખ બીજા પંખી પર ફેરવશે એની પાંખમાં એ પંખીનો રંગી લાગી જશે અને રંગાયેલી એ પાંખ વડે એ પંખી બીજા પંખીને રંગી શકશે.'' ભગવાનની એ વાત બધાં પંખીઓ સુધી પહોંચી ગઈ. બધાં પંખીઓ ખુશખુશાલ થઈ ગયાં. જે પંખીઓને જાણ નહોતી એમને પણ ધૂળેટી રમવાનું આમંત્રણ અપાઈ ગયું અને જોતજોતામાં તો છ દિવસ વીતી ગયા અને સાતમો દિવસ આવી ગયો.

સૌ પંખીઓ આજે એકબીજાને રંગવાના મૂડમાં હતાં. સૌપ્રથમ ચકલીબહેને પોતાના માળામાંથી બહાર આવીને ચીંચીં...ચીંચીં કરીને બધાંને ઉઠાડવાનું શરૂ કરી દીધું. થોડીવારમાં તો બધાં પંખીઓ બહાર આવી ગયાં અને શરૂ થઈ પંખીઓની ધૂળેટી. સૌપ્રથમ ચકલીબહેને પોપટલાલ પર પોતાની પાંખ ફેરવી એટલે ચકલીની પાંખ પર પોપટલાલનો રંગ લાગી ગયો જેનાથી ચકલીબહેને કબૂતરને રંગી નાખ્યું. પણ કબૂતરને રંગવા જતાં ચકલીબહેનની પાંખ પર કબૂતરનો રંગ પણ લાગી ગયો એટલે ચકલીબહેનની પાંખે પોપટલાલ અને કબૂતર બન્નેનો રંગ લાગી ગયો. આમ બધાં પંખીઓ એકબીજાનો રંગ લઈ એકબીજાને રંગવા લાગ્યાં. થોડીવારમાં તો બધાં પંખીઓ રંગબેરંગી થઈ ગયાં. કોણ કેવા રંગનું છે એ ઓળખાતું જ નહીં. બધાં મન ભરીને રંગથી રમ્યાં. થાક્યાં એટલે વિચાર આવ્યો કે ''હવે આ રંગો આપણા પરથી કાઢશું કેવી રીતે !'' કોઈ કહે તળાવમાં નાહીને. પણ તળાવમાં નહાવા પડે તો પોતાનો રંગ પણ ઊતરી જાય એવો એમને ડર લાગ્યો. એટલે ફરી પાછી વાત ભગવાન પાસે પહોંચી. ભગવાને કહ્યુંઃ ''આવતી કાલે સૂર્યોદયના ત્રણ કલાક પહેલાં જે પંખી તળાવમાં નહાવા પડશે એના પરથી પોતાના સિવાયના બધા રંગો નીકળી જશે. નહીં નહાય એ એવા જ રંગનાં રહી

જશે.'' આ વાત પાછી પહોંચી પંખીઓ પાસે. બીજે દિવસે સૂર્યોદયના ત્રણ કલાક પહેલાં જે પંખીઓ તળાવમાં નાહી આવ્યાં એમને એમનો મૂળ રંગ મળ્યો. જે નહાવા ન જઈ શક્યાં એ કાબરચીતરાં કે રંગબેરંગી રહી ગયાં.

■